# To Study the Effect of Language Creativity test on Area and type's of School on the Students of Standard VII

AJAY M. NAYI
Ph. D. Research Scholar,
Dept. of Education, Ganpat University, Kherva

## ૧. પ્રસ્તાવના

ખરેખર બાળકને સર્જનાત્મકતાની તક પૂરી પાડવામાં આવે તો એ જરૂર નીખરી ઉઠે એવું સંશોધક દઢપણે માને છે. કોઈપણ સમાજની સર્જક પ્રતિભાઓનું રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. આપણી વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં સર્જનાત્મક અભિગમને બદલે સ્મૃતિ આધારિત અભિગમને જ વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. તેથી જો પ્રાથમિક કક્ષાથીજ સર્જનાત્મક વિચારશક્તિ આધારિત અભિગમ અપનાવવામાં આવે તો વિદ્યાર્થીઓની સર્જનાત્મકતામાં અપેક્ષિત ફેરફાર લાવી શકાય.

શાળા મહાશાળાઓમાં વિદ્યાર્થીઓના નિબંધમાં દરેક વર્ષાઋતુમાં ધરતી લીલી ચાદર ઓઢી લેતી હોય છે એવી નવી જ મૌલિક લેખનરીતિથી બે તરોતાજા ફકરા લખનારને શોધવાનું કામ ભારે કપરું છે. આ કામ ભાષા શિક્ષકનું જ છે અને મહત્ત્વનું પણ છે. આ માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવા જોઈએ. બાળકના મનમાં ઉઠતા તરંગો,

વિચારો, જિજ્ઞાસા અને કલ્પનાઓને યોગ્ય વાતાવરણ પૂરું પાડી પોષવામાં આવે તે ભાષાકીય લેખન અભિવ્યક્તિમાં મૌલિકતાની ઉણપ કેમ વર્તાય છે ? ભાષા તો ખળખળ વહેતા નિર્મળ ઝરણા જેવી છે. એમાં સતત પ્રવાહિતા, મૌલિકતા, કલ્પનાશીલતા, ચિંતન પ્રેરકતા, નાવિન્યતા અને રચનાત્મક અભિગમ આવશ્યક છે. આમ, છતાંય વિદ્યાર્થીઓના લેખન કાર્યમાં શિક્ષકની વર્ગનોંધ, માર્ગદર્શિકા કે નિબંધમાળામાં આપેલ લખાણનો જ યંત્રવત ઉતારો જોવા મળે છે.. શિક્ષણ પ્રક્રિયામાં બાળકની સર્જનાત્મકતાને પ્રાથમિક કક્ષાથી જ સભાનપણે વિકસાવવામાં આવે તો કેટલાક પરિબળોને કારણે કુંઠિત થતી રોકી શકાય, શિક્ષણને એક નૂતન દૃષ્ટિ મળે અને ભવિષ્યમાં એનાં મીઠાં ફળ ચાખી શકાય. એવું સંશોધક દઢપણે માને છે. આ માટે પ્રશ્ન સહજ ઉપસ્થિત થયો કે પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતાનું માપન કઈ રીતે કરવું ? પ્રાથમિક શાળા કક્ષાએ ગુજરાતી ભાષાની લેખિત સર્જનાત્મકતા માપન માટે કોઈ કસોટી અસ્તિત્વમાં નથી. વળી ગુજરાતમાં આ ક્ષેત્રે ખૂબ જ જૂજ કામ થયું છે. આથી આ બાબતને દૃષ્ટિબિંદુમાં રાખી સંશોધકે પ્રાથમિક શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના કરી તેનું પ્રમાણીકરણ કરવાનો સંનિષ્ઠ નમ્ર પ્રયાસ કર્યો છે.

## ૨. અભ્યાસના હેતુઓ

૧. ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના કરવી.
૨. ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટી પરના ધોરણ-૭ના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો પર વિસ્તારની અસરનો અને શાળાના પ્રકારની અસરનો અભ્યાસ કરવો.

## ૩. પદોની વ્યવહારિક વ્યાખ્યાઓ

### *૩.૧ સર્જનાત્મક*

સર્જનાત્મક અર્થાત્ સર્જનશક્તિ. પરંપરાગત કે રૂઢિગત વિચારસરણીથી જુદા પાડવાની, કંઈક નવું ઉત્પન્ન કરવાની, સર્જન કરવાની, નવતર સંબંધો જોવાની, સમસ્યાઓના અવનવા ઉકેલ શોધવાની તથા સ્વતંત્રપણે મૌલિક વિચારોને અભિવ્યક્ત કરવાની શક્તિ.

**સર્જનાત્મક ચિંતનના મુખ્ય ચાર ઘટક**
(૧) **પ્રવાહિતા** (Fluency) (૨) **સાનુકૂળતા** (Flexibility)
(૩) **મૌલિકતા** (Originality) (૪) **વિવરણ** (Elaboration)

**કસોટી અંતર્ગત પાંચ વિભાગ**
(૧) શાબ્દિક પ્રવાહિતા (૨) મુક્ત લેખન (૩) સંવાદ લેખન
(૪) વાર્તા લેખન (૫) જોડકણાં નિર્માણ
ધોરણ-૭ના વિદ્યાર્થીઓ સ્વંતત્રપણે મૌલિક અભિવ્યક્તિ કરી શકે તેવી પાંચ પેટા કસોટી અંતર્ગત તેમની ગુજરાતી ભાષાની સર્જનાત્મક શક્તિ માપતી વિવિધ કલમો રચી. જેને પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક અજમાયશમાંથી પસાર કરીને કઠિનતામૂલ્ય અને ભેદપરખમૂલ્યને આધારે અંતિમ કસોટી રચવામાં આવી છે.

*૩.૨ ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટી*
*૩.૨.૧ સૈદ્ધાંતિક વ્યાખ્યા*
ગુજરાતી ભાષામાં સર્જનાત્મક વિચાર અભિવ્યક્ત કરવાનીશક્તિનું માપન કરતી કસોટી.

*૩.૨.૨ વ્યવહારુ વ્યાખ્યા*
ગુજરાતી ભાષામાં સ્વતંત્રપણે મુક્ત મને મૌલિક વિચારોની અભિવ્યક્તિનું માપન કરતી કસોટી.
પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ગુજરાતી ભાષાની સર્જનાત્મક શક્તિ માપવા માટે ગિલ્ફર્ડે (૧૯૬૯) સૂચવેલા સર્જનાત્મકતા માપનના ચાર ઘટક આધારિત પાંચ વિભાગોવાળી કસોટી રચી.

**૪. સંશોધનની ઉપયોગિતા**
પ્રસ્તુત સંશોધનની ઉપયોગિતા નીચે મુજબ છે.
૧. વિદ્યાર્થીઓની ભાષાકીય સર્જનાત્મકતાના માપન માટે ઉપયોગી નીવડશે.
૨. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને ઓળખી તેમને તે દિશા તરફ વાળી શકાશે.
૩. શાળામાં પ્રાથમિક કક્ષાએથી જ સર્જનાત્મકતા વિકસાવવાના પ્રયત્નો હાથ ધરી શકાશે.
૪. ભાષાકીય સર્જનાત્મકતાના વિકાસમાં અવરોધરૂપ પરિબળો શોધી તેને દૂર કરવાના ઉપાયો યોજી શકાશે.
૫. ભાષાકીય સર્જનાત્મકતા અને ભાષાકીય સિદ્ધિના અભ્યાસ માટે ઉપયોગી નીવડશે.
૬. શાળા, શિક્ષક તેમજ વાલી પોતાના બાળકોમાં ભાષાકીય સર્જનાત્મક અભિવ્યક્તિના પ્રયત્નો હાથ ધરી શકશે.

**૫. સંશોધનની ઉત્કલ્પનાઓ**
**$Ho_1$:** ધોરણ-૭ના શહેરી વિસ્તારની સરકારી શાળાના છોકરાઓ અને શહેરી વિસ્તારની સરકારી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
**$Ho_2$:** ધોરણ-૭ની શહેરી વિસ્તારની ખાનગી શાળાના છોકરાઓ અને શહેરી વિસ્તારની ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**૬. નિદર્શ**
વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો સમૂહ એટલે નિદર્શ. પ્રસ્તુત અભ્યાસ માટે સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગાંધીનગર જિલ્લાને કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર એમ ચાર તાલુકાઓમાં વિભાજિત કરી દરેક તાલુકાની ગ્રામ્ય વિસ્તારની ૦૨ શાળાઓ પૈકી ૦૧ સરકારી અને ૦૧ ખાનગી તેમજ શહેરી વિસ્તારની ૦૨ શાળાઓ પૈકી ૦૧ સરકારી અને ૦૧ ખાનગી શાળાની પસંદગી યાદચ્છિક રીતે કરવામાં આવી. આમ, તાલુકાવાર ૦૨ ગ્રામ્ય અને ૦૨ શહેરી વિસ્તારની ૦૪ શાળાઓ પ્રમાણે ચાર તાલુકાઓમાંથી કુલ ૧૬ શાળાઓની પસંદગી

કરવામાં આવી. પસંદ થયેલ શાળાઓમાંથી ધોરણ-૭ના એક વર્ગની પસંદગી યાદચ્છિક લોટરી દ્વારા કરવામાં આવી અને આ રીતે પસંદ થયેલા વર્ગના તમામ વિદ્યાર્થીઓની ઝૂમખા પદ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી. આમ, અંતિમ અજમાયશ માટે કુલ ૧૬ શાળાઓમાંથી ૯૨૬ વિદ્યાર્થીઓની પસંદગી સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી.

**૭. સંશોધનની ક્ષેત્ર મર્યાદાઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચે દર્શાવ્યા મુજબ મર્યાદાઓ સ્વીકારવામાં આવી છે.

૧. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
૨. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૭ના વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.
૩. પ્રસ્તુત સંશોધન માટે રચિત સર્જનાત્મક કસોટીનું સ્વરૂપ શાબ્દિક છે. આ કસોટી દ્વારા સર્જનાત્મકતાનું માપન માત્ર લેખિત અભિવ્યક્તિ દ્વારા જ શક્ય છે.
૪. પ્રસ્તુત કસોટી વર્ષ ૨૦૦૭-૦૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર પ્રમાણિત થઈ છે તેથી પરિણામોનું અર્થઘટન કરતી વખતે આ વર્ષને નજરમાં રાખવું જરૂરી છે.

**૮. સંશોધનના ચલો**

ચલ એટલે પરિવર્ત્ય, ચલ એટલે એવો ગુણ કે લક્ષણ જેની કિંમતમાં ફેરફાર થઈ શકે છે. વ્યક્તિ, જૂથ કે પર્યાવરણનું કોઈપણ લક્ષણ કે જે બદલાઈ શકે છે તે ચલ તરીકે ઓળખાય છે. ચલના પાંચ પ્રકાર છે : (૧) સ્વતંત્ર ચલ (૨) પરતંત્ર ચલ (૩) પરિવર્તક ચલ (૪) અંકુશિત ચલ (૫) આંતરવર્તીય ચલ

**સંશોધનના ચલ દર્શાવતી સારણી**

| નં. | ચલનો પ્રકાર | ચલ | કક્ષા |
|---|---|---|---|
| 1 | સ્વતંત્ર ચલ : | જાતિ | 1. છોકરાઓ |
| | | | 2. છોકરીઓ |
| | | વિસ્તાર | 1. શહેરી |
| | | | 2. ગ્રામ્ય |
| | | શાળાનો પ્રકાર | 1. સરકારી |
| | | | 2. ખાનગી |
| 2 | પરતંત્ર ચલ : | ગુજરાતી ભાષાની સર્જનાત્મક શક્તિ | |
| 3 | અંકુશિત ચલ : | કક્ષા | 7 |
| | | માધ્યમ | ગુજરાતી |

૯. સંશોધનનાં તારણો

૧. ધોરણ-૭ના શહેરી વિસ્તારની સરકારી શાળાના છોકરાઓ અને શહેરી વિસ્તારની સરકારી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી. એટલે કે શહેરી વિસ્તારની સરકારી શાળાની છોકરીઓ કરતાં શહેરી સરકારી શાળાના છોકરાઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા ઊંચી (૨.૦૧) જોવા મળી.

**સારણી :૧**

**શહેરી વિસ્તારની સરકારી શાળાના છોકરાઓ અને છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાકોની સરાસરી અને 't' મૂલ્ય**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણભૂલ | 't'-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| છોકરાઓ | 112 | 95.05 | 15.26 | 3.93 | 2.01 | 0.05 |
| છોકરીઓ | 103 | 87.15 | 16.02 | | | |

(જ્યાં કક્ષા 0.05 માટે 't' = 1.96, કક્ષા 0.01 માટે 't' = 2.58)

૨. ધોરણ-૭ની શહેરી વિસ્તારની ખાનગી શાળાના છોકરાઓ અને શહેરી વિસ્તારની ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી નથી. એટલે કે ગુજરાતી ભાષાની સર્જનાત્મકતાની બાબતમાં શહેરી વિસ્તારની ખાનગી શાળાના છોકરાઓ અને છોકરીઓ સમાન (૦.૨૯) હતા.

**સારણી :૨**

**શહેરી વિસ્તારની ખાનગી શાળાના છોકરાઓ અને છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાકોની સરાસરી અને 't' મૂલ્ય**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણભૂલ | 't'-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| છોકરાઓ | 130 | 86.65 | 15.12 | 2.83 | 0.29 | NS |
| છોકરીઓ | 122 | 87.47 | 13.53 | | | |

(જ્યાં કક્ષા 0.05 માટે 't' = 1.96, કક્ષા 0.01 માટે 't' = 2.58)

૧૦. શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ય પરિણામોને આધારે કહી શકાય કે,

- વિસ્તારની ગુજરાતી ભાષાની સર્જનાત્મક શક્તિ પર થતી અસરના સંદર્ભમાં ધોરણ-૭ના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વધુ સર્જનાત્મક શક્તિ ધરાવતા હતા.
- ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ઓછી સર્જનાત્મક શક્તિ ધરાવતા હોવાથી તેમની ગુજરાતી ભાષાની સર્જનાત્મક શક્તિ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- શાળામાં ભાષા શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષામાં સર્જનાત્મક અભિવ્યક્તિ કરતા થાય તે માટે શિક્ષકો દ્વારા પદ્ધતિસરનું માર્ગદર્શન આપવું જોઈએ.
- ગ્રામ્ય સ્તરે શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પોષક કાર્યક્રમો આયોજિત કરવા જોઈએ.

## ૧૧. ભાવિ સંશોધન અંગે ભલામણો

પ્રસ્તુત સંશોધનને આધારે ભાવિ સંશોધન અંગેની ભલામણો નીચે મુજબ છે :

૧. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના અને પ્રમાણીકરણ.
૨. પી.ટી.સી.ના તાલીમાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના અને પ્રમાણીકરણ.
૩. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા અને અન્ય વિષયો પરત્વેની સિદ્ધિ ક્ષમતાનો અભ્યાસ.
૪. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મક ક્ષમતા અને અનુકૂલનના પ્રશ્નોનો અભ્યાસ.
૫. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બુદ્ધિ અને શૈક્ષણિક સિદ્ધિની ગુજરાતી ભાષાની સર્જનશીલતા પર થતી અસરનો અભ્યાસ.
૬. ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોનો તુલનાત્મક અભ્યાસ.
૭. ગુજરાતી વિષયમાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોનો તુલનાત્મક અભ્યાસ.

## સંદર્ભ પુસ્તકો

૧. Foster, J. (1971). Creativity and The Teacher, London: Macmillan Co.,
૨. Garrett, H. E. (1981). Statistics in Psychology and Education, Bombay: Vakil, Feffer and Simons Pvt. Ltd.
૩. Getzels, Jacob W. and Philip W. Jackson (1962). Creativity and Intelligence, New York: John Wiley & Sons, Inc.
૪. Nature of human Intelligence, New York: Mac-Grow Hill Book Company Ltd., p. 103.
૫. ઉચાટ, ડી. એ. (૧૯૯૭). સંશોધન દરખાસ્તની રચના, સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો, રાજકોટ : પારસ પ્રકાશન.
૬. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, મનોવિજ્ઞાન, ધોરણ-૧૨ (૨૦૦૫), પ્રથમ આવૃત્તિ, 'વિદ્યાયન', સેક્ટર-૧૦-છ, ગાંધીનગર.
૭. દેસાઈ, એચ. જી. અને એમ. ડી. ત્રિવેદી (૧૯૮૨). શૈક્ષણિક સંશોધનની રૂપરેખ, રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૮. દેસાઈ, હરિભાઈ જી. અને કૃષ્ણકાંત જી. દેસાઈ. (૧૯૮૯). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૯. પટેલ, આર. એસ. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, અમદાવાદ : જય પબ્લિકેશન.
૧૦. વાળંદ, જે. બી. અને જે. સી. બ્રહ્મભટ્ટ. (૧૯૮૫). માતૃભાષામાં સર્જનાત્મક અભિવ્યક્તિ, શ્રી બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાઃ દ્વિતીય આવૃત્તિ.